# ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર, સેકટર – ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦

ફોન: ૨૩૨-૫૦૨૯૬/૫૦૩૩૨/૫૦૨૯૪ ફેકસ: (૦૭૯) ૨૩૨ -૫૦૨૮૦

E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in


ક્રમાંકઃ- મફબ/અકડ/યુ-૯/મનપા ઓક્ટ્રોય/નવેમ્બર- ૨૦૧૩ / ૨૫૬૦૩ તા. 27 NOV 2013

વંચાણે લીધા :-

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૪-૧૧-૦૭ના ઠરાવ ક્રમાંક-બીજીટી/૮૦૨૦૦૭/૩૯૪૦/પી.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૧૫-૦૨-૧૧ના ઠરાવ ક્રમાંક બજટ/ ૧૦૨૦૧૦/ ૨૮૯૩/બ

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨-૧૧-૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક-બજટ/૮૦૨૦૧૧/૬૪૯૭/પી

૪. આ ફાઇલની તા.૨૦/૧૧/૧૩ની નોંધ ઉપર મળેલ અગ્રસચિવશ્રી શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ તથા નાણાં વિભાગની મંજુરી

દફતરી હુકમ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ – ૧ના તા.૧૪-૧૧-૦૭ના ઠરાવથી ૭ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય નાબુદ થતાં તેના વળતર પેટે એડહોક ગ્રાંટ ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ત્યારબાદ શહેરી વિકાસ વિભાગના ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ – ૨ના તા.૧૫-૦૨-૨૦૧૧ના ઠરાવથી નવરચિત ગાંધીનગર મહાનગરપાલિકાનો પણ તેમાં સમાવેશ થયેલ છે. ઓકટ્રોય નાબુદ થતાં ૮ મહાનગરપાલિકાઓને તેના વળતર પેટે એડહોક ગ્રાંટ તરીકે ચુકવણી કરવા માટે વર્ષ-૨૦૧૩-૧૪માં કુલ ૧૮૩૬.૦૦ કરોડની બજેટ જોગવાઇ કરેલ છે. રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને નવેમ્બર-૨૦૧૩ ના માસ માટે કુલ રૂા.૧૫૧/- કરોડની ગ્રાંટ નિયત ટકાવારી મુજબ નીચે દર્શાવેલ રકમ ચુકવવા ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ – ૩ ઉપરના તા.૨/૧૧/૧૩ના ઠરાવથી મંજુર કરેલ છે.

ઉપરોકત રૂા.૧૫૧.૦૦ કરોડની રકમ સરકારશ્રીના નાણાં વિભાગ તરફથી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મૂકાયેલ ન હોય, આમુખમાં દર્શાવેલ વંચાણે લીધેલ ક્રમ-૪ મુજબ અગ્રસચિવશ્રી, શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ તથા સરકારશ્રીના નાણાં વિભાગ તરફથી મળેલ મંજુરી અન્વયે હાલ તુરંત વચગાળાની વ્યવસ્થા તરીકે ગુજરાત શહેરી વિકાસ મિશન (GUDM) હસ્તકની ગ્રાંટના પાર્કીંગ ફંડમાંથી ઉપરોકત રૂા.૧૫૧.૦૦ કરોડની રકમ ચૂકવવાની મંજુરી મળેલ છે. તદ્અન્વયે વંચાણે **GUDM** કચેરી તરફથી આ બોર્ડના હવાલે મુકેલ રૂા.૧૫૧.૦૦ કરોડ (અંકે રૂપિયા એકસો એકાવન કરોડ પુરા)ની રકમ માહે–નવેમ્બર-૨૦૧૩ માટે

નીચે દર્શાવેલ મહાનગરપાલિકાઓને ઓક્ટ્રોય વળતર પેટે ચુકવવાનો આથી આદેશ કરવામાં આવે છે.

| ક્રમ | મહાનગરપાલીકાનું નામ | મળવાપાત્ર રકમ રૂ. |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૭,૯૫,૦૦,૦૦૦ |
| ૨ | સુરત | ૪૬,૯૫,૦૦,૦૦૦ |
| ૩ | વડોદરા | ૨૦,૮૯,૫૦,૦૦૦ |
| ૪ | રાજકોટ | ૦૮,૩૫,૫૦,૦૦૦ |
| ૫ | જામનગર | ૦૨,૧૯,૦૦,૦૦૦ |
| ૬ | ભાવનગર | ૦૨,૨૯,૫૦,૦૦૦ |
| ૭ | જૂનાગઢ | ૦૧,૩૬,૫૦,૦૦૦ |
| ૮ | ગાંધીનગર | ૦૧,૦૦,૦૦,૦૦૦ |
| | કુલઃ | ૧,૫૧,૦૦,૦૦,૦૦૦ |

ઉપર પ્રમાણે ૮ મહાનગરપાલિકાઓને ઓક્ટ્રોય વળતર પેટે ચુકવવાની કુલ રકમ રૂ।.૧૫૧/- કરોડ (અંકે રૂપિયા એકસો એકાવન કરોડ પુરા) પૈકી દરેક મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમ કમિશ્નરશ્રી, સંબંધિત મહાનગરપાલિકાને ચુકવવા આથી મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ **GUDM** તરફથી આ બોર્ડને મૂકવામાં આવેલ ગ્રાંટમાંથી પાડવાનો રહેશે. અને પ્રસ્તુત રૂ।.૧૫૧.૦૦ કરોડની રકમ ઓક્ટ્રોય વળતરની ગ્રાંટની રકમ સરકારશ્રીમાંથી બોર્ડને મળ્યા બાદ તેની સામે સરભર કરવાની રહેશે.

**મુખ્ય કારોબારી અધિકારી**
**ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ**

**પ્રતિ, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,**
**અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ.**

નકલ સવિનય રવાના :-

(૧) નાયબ સચિવશ્રી (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) નાયબ સચિવશ્રી (બજેટ) (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(3) અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી, શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગનું કાર્યાલય તરફ જાણ સારૂ.
(૪) સેકશન અધિકારીશ્રી, (પી-શાખા), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) સેકશન અધિકારીશ્રી, (બજેટ), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) કલેકટરશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર
(૭) એ.જી. અમદાવાદ / રાજકોટ
(૮) સહાયક નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર જીલ્લા.
(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી. ગાંધીનગર.
(૧૦) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર .
(૧૧) નાયબ નિયામકશ્રી (હિસાબ), ગુ.મ્યુ.ફા.બોર્ડ, ગાંધીનગર તરફ ઉપર હુકમમાં દર્શાવેલ કુલ રૂ।.૧૫૧,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એકસો એકાવન કરોડ પુરા) ની રકમ પૈકી મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમની ચૂકવણી કમિશ્નરશ્રી સંબંધિત મહાનગરપાલિકાઓને કરવાની સારૂ.
(૧૨) સીલેકટ ફાઇલ.